RTE પ્રવેશ/અગત્યનું

જા.નં/પ્રાથમિક/RTE/૨૦૨૦/ 10554

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઈન્સ,સુરત
તા.૨૯/૧૦/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત મહાનગર પાલિકા વિસ્તારની બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તરફ

વિષય:- RTE પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત વર્ષ-૨૦૨૦-૨૧ અન્વયે ફાળવેલ પ્રવેશ ઓનલાઈન એડમિટ કરવા બાબત.

સંદર્ભ:-૧. શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:ખપશ/૧૧૨૦૨૦/સિ.ફા..૦૬/ચ તા.૦૪/૦૮/૨૦૨૦

૨.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણનિયામકશ્રીની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં પત્રાંક:પ્રા.શિ.નિ/RTE/ઠરાવ/૨૦૨૦/૨૬૪૫-૨૭૩૧ તા.૦૬/૦૮/૨૦૨૦

૩. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણનિયામકશ્રીની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં પત્રાંક:પ્રા.શિ.નિ/RTE/૨૦૨૦/૩૫૩૫-૭૫ તા.૨૯/૧૦/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ-૩ અન્વયે જણાવવાનું કે, RTE અંતર્ગત મફત પ્રવેશ વર્ષ:-૨૦૨૦-૨૧ માટે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગર દ્વારા ઓનલાઈન પ્રવેશની ફાળવણી અંતર્ગત ત્રીજો રાઉન્ડ તા.૧૯/૧૦/૨૦૨૦ ના રોજ જાહેર કરવામાં આવેલ. ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ ફાળવવામાં આવેલ વિધાર્થીઓને શાળાએ રૂબરૂ જઈ પ્રવેશ નિયત કરવાની છેલ્લી તારીખ તા.૨૪/૧૦/૨૦૨૦ હતી. હજુ પણ જો કોઈ વાલી સમય મર્યાદામાં શાળાએ પ્રવેશ મેળવવા જરૂરી આધાર પુરાવા સાથે ગયેલ હોય પરંતુ શાળા દ્વારા ઓનલાઈન એડમિટ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ ન હોય તેવા કિસ્સામાં તા.૦૨/૧૧/૨૦૨૦ સુધીમાં નીચે મુજબની કાર્યવાહી કરી આવા બાળકોનો પ્રવેશ નિયત કરાવી લેવાનો રહેશે. ત્યાર બાદ એડમિટ કરવા અંગેની પ્રક્રિયા થશે નહિ અને તા.૦૨/૧૧/૨૦૨૦ સુધી એડમિટ થયેલ બાળકોની જ ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

- ત્રીજા રાઉન્ડમાં ફાળવેલ ઓનલાઈન પ્રવેશ નિયત કરવા વિધાર્થીના એડમિટ કાર્ડની નકલ અને શાળાના પત્ર સાથે આ કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.
- શાળા દ્વારા પ્રથમ અને બીજા રાઉન્ડમાં ફાળવેલ પ્રવેશ ઓનલાઈન એડમિટ કરવાના બાકી હોય તેની જાણ અત્રે તાત્કાલિક કરવી.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત